

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

મળે 'બાંધેલું' મારણ દીપડા હેવાઈ ગયા છે!
છુપાય છે કાયદાની 'બોડ'માં ટેવાઈ ગયા છે!
ફેલાઈ ગયા ચોતરફ, ભવાઈ છે પાંજરાંની -
રહે પરિવાર સહિત, અહીં 'ભરાઈ' ગયા છે!
(દીપડી પરિવાર સહિત મળી !

હાઈકુ

પાડે ગાબડાં -
ને પછી 'પેચ વર્ક'
કાયદેસર !

મળી જાય છે
દીપડાઓને રોજ
નવો શિકાર !

### ચિંતન

**યાચકા છૈ : પ્રાર્થિતઃ સન્ન, તીક્ષ્ણં ચોતરં વદેત્ ।**
**તસ્કાર્ય તુ સમર્થશ્ચેત્, કુર્યાદ્વા કારયીતે ચ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

કોઈ માગનારો આવીને કંઈ માગણી કરે અથવા ભિક્ષા માંગે, એ આપવા માટે આજીજી કરે, તો તેને ધુત્કારવો નહીં, આપણી શક્તિ મુજબ તેનું કાર્ય કરી આપવું કે તેની યાચના પૂર્ણ કરવા શક્તિમર્યાદામાં રહીને તે પૂર્ણ કરી આપવી.

જે માગે છે એના પૂર્વજન્મના કર્મ પ્રમાણે આ જન્મમાં તો ભિક્ષુક તરીકે ભટકવું પડે છે. એ દુઃખી છે હવે એને 'ના' પાડીને કે તેની સાથે ઉદ્ધતાઈપૂર્વકનો વર્તાવ કરી આપણે શા માટે નકારાત્મક કર્મ બાંધવા ? યથાશક્તિ એને આપી હાથ જોડવા જોઈએ.

ઘણાં લોકો એવી દલીલ કરે ઓછે કે આવા ધુતારા બનાવટી હોય છે. એમની આળસને પોષવી ન જોઈએ. એનો પ્રત્યુત્તર એ છે કે એ જે કરે એ આ જન્મમાં 'ભિક્ષુક' તરીકે પ્રવૃત્ત હોવા છતાં પણ જો 'બનાવટ' કરી નવા દુઃખી થવાના કર્મ બાંધતા હોય તો ભલે બાંધે આપણને એની સાથે શો મતલબ? આપણને તો એની આ 'ક્ષણ' સાથે જ સંબંધ છે.

### સુવિચાર

- 'અમારી પાસે નથી' એવું કહ્યા વગર દાન આપનાર જ કુલીન છે, ખાનદાની છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે નિરર્થક શબ્દોનો આડંબર કરે છે, તે પોતાની અયોગ્યતા ઊંચા અવાજે જાહેર કરે છે - **બોધિવૃક્ષ**
- સર્વ પ્રકારના ઈર્ષારહિત સ્વભાવની સમાન અન્ય કોઈ મોટી સંપત્તિ નથી - **ભર્તુહરિ**
- મહાત્માની શિખામણ એક નક્કર લાઠી જેવી છે,
  જે તેમની શિખામણને અમલમાં મૂકે છે તે પતન પામવામાંથી બચી જાય છે - **અમૃતબિંદુ**
- દિવસે કાગડો ઘુવડ ઉપર વિજય મેળવે છે,
  જે શાસક પોતાના દુશ્મનોને હટાવવા ઈચ્છે છે તેને માટે અવસર એક મોટી ચીજ છે. - **જન્મભૂમિ**
- જગત જીવનદાન માટે વાદળો તરફ જુએ છે. બરાબર એ જ પ્રમાણે ન્યાય માટે લોકો રાજદંડ તરફ જુએ છે - **જસ્ટિસ ભગવતી**
- આજનું ઔષધ : પલાશ ક્ષારને મધમાં ભેળવીને સવાર-સાંજ ચાટવાથી ભૂખમાં વધારો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પિતા જહોન એન્ડર્સનની આર્થિક સ્થિતિ નબળી હોવાથી મોટા પુત્ર હેરીને માંડ બારણું ધોરણ ભણાવી શકાય. હેરી કૉલેજ જઈ શક્યા નહિ. વળી હેરી દેખાવમાં ઠીંગણ અને સાધારણ દેખાવના હતા. આંખો પણ તેમની નબળી હતી. તેમ છતાં હેરી મનમાં કદી નબળા વિચારને પ્રવેશવા ન દેતા. છેક ચાલીસ મેં વર્ષે તેમને કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. પાંચેક વર્ષે કેન્વાસ રાજયમાં મુખ્ય ન્યાયાધિશ પણ બન્યા. રાજકીય પ્રવૃત્તિમાં રસ લઈ તેઓ ડેમોક્રેટ પક્ષમાં જોડાયા અને ૧૯૪૫માં હેરી અમેરિકાના તેત્રીસમાં પ્રમુખ બની શક્યા.હેરી કાયમ સાદુ જીવન જીવવાનો આગ્રહ રાખતા. એકવાર એમને મળવા આવેલા મુલાકાતીને જાણે થઈ કે પ્રમુખ હેરી સ્નાન કરવા ગયા છે. પંદરવીસ મીનીટ પસાર થઈ તેમ છતાં પ્રમુખ બહાર ન આવતા મુલાકાતીએ અકળાઈને પ્રમુખના નોકરને પૂછ્યું, 'ભાઈ, પ્રમુખશ્રી સ્નાનમાં અડધો કલાક વિતાવે છે કે શું ?' નોકરે કહ્યું, સાહેબ માત્ર સ્નાન કરવા માટે જ બાથરૂમમાં જતા નથી.' મુલાકાતી એ વ્યંગમાં પૂછ્યું, 'તો શું પ્રમુખ બાથરૂમમાં બીજાં કામો પણ કરતાં લાગે છે ?' નોકરે કહ્યું, 'હા, તેઓ સ્નાન કરતાં પૂર્વે પોતાના કપડાં જાતે ધુવે છે અને પછી સ્નાન કરે છે.' આવો જવાબ સાંભળી મુલાકાતીની બોલતી બંધ થઈ ગઈ.

# ચૂંટણી પૂર્વે મિની - સર્જિકલ સ્ટ્રાઈક

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નસીબ જોર કરે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. હરિયાણા-મહારાષ્ટ્ર જેવાં બે મહત્ત્વનાં રાજયો ઉપરાંત કેટલીક ખાલી પડેલી બેઠકો પર યોજાઈ રહેલ ચૂંટણીની પૂર્વ સંધ્યાએ જ પાકિસ્તાનના કબજા હેઠળના કહેવાતા 'આઝાદ કાશ્મીર' પર ભારતીય દળોના તોપમારાથી પાકિસ્તાનની કેટલીક ચોકીઓ નષ્ટ થઈ છે અને ઘૂસણખોરી કરવા મથતા કેટલાક આતંકવાદીઓ ઉપરાંત એમને રક્ષણાત્મક કવર આપતા પાક સૈનિકો પણ માર્યા ગયા છે. પાકિસ્તાને એની અવળચંડાઈ ચાલુ રાખી છે જેનો આ જડબાતોડ જવાબ છે. એલઓસી પર થયેલ ગોળીબારમાં બે ભારતીયો જવાનો શહીદ થયા એની આકરી પ્રતિક્રિયા ભારતીય સેનાએ આપી છે જેનાં પાકિસ્તાનની ચોકીઓ અને આતંકવાદીઓ ફરી સક્રિય બની ગયેલી શિબિરોને ઘણું નુકશાન પહોંચ્યું છે. પડી ગયા છતાં ટંગડી ઊંચી રાખવા ટેવને લીધે પાકિસ્તાની સેનાએ ડંફાસ મારી છે કે વધારે જાનહાનિ ભારતના પક્ષે થઈ છે. વળી ભારતીય સેનાની કાર્યવાહીમાં નાગરિકો માર્યા ગયા હોવાની શિકાયત પણ એણે કરી છે. વર્ષોથી ચાલુ રહેલી પ્રોક્સી લડાઈ પાકિસ્તાન ચાલુ જ રાખશે એમાં શંકાને સ્થાન નથી. સહારનીય બાબત એ છે કે હવે સેનાને પોતાનો નિર્ણય લેવાની છૂટ અપાઈ છે. નાની નાની બાબતોમાં એને દિલ્હીના નોર્થ બ્લોક અને સાઉથ બ્લોક તરફથી મળતા આદેશો કે પરવાનગીની રાહ જોવાની જરૂર નથી રહી. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે જરૂર પડ્યે પાકિસ્તાનને અંદર ઘૂસી સીધું કરવાની વાત કરેલી જ છે. સીઆરપીએફના કાફલા ઉપરના કાયરતાપૂર્ણ ઘાતકી હુમલા પછી સેના અને સરકાર - બેઉએ ઈંટનો જવાબ પથ્થરથી વાળવાનો સંકલ્પ કરેલો છે - હિંદીમાં પેલી કહેવત છે એમ, લાતોં કે ભૂત ભાતોં સે નહીં માનતે. પાકિસ્તાનને આખી દુનિયામાં નીચાજોણું કરાવ્યા છતાં એની તાસીર અને તસવીરમાં ફેર નથી પડ્યો. આતંકવાદીઓને ઉછેરવા, એમને તાલીમ આપી તૈયાર કરવા અને પછી મરવાની તૈયારી સાથે ભારતમાં મોકલી આપવા એ જાણે પાકિસ્તાન સરકારનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ છે, જેની પાછળ એ અબજો રૂપિયાનો ધુમાડો કરી ચૂક્યું છે અને સાવ પાયમાલ થઈ ચૂક્યું છે. વડાપ્રધાન ઈમરાન ખાન પાસે કશુંક સારું - સમાધાનકારી વલણ લેશે એવી અપેક્ષાઓ હતી તે ઠગારી નીવડી છે. ઊલટાના એમણે તો કયારે સરહદ તરફ કૂચ કરવી એ હું જ જણાવીશ - એમ કહી પીઓકેમાં તાલીમ લઈ રહેલ છોકરડાંને ઉશેર્યાં હતાં. હવે જે સ્થિતિ સરજાઈ છે તે શાંતિની કે સમાધાનની નહીં પરંતુ સતત છમકલાંની અને છેલ્લે યુદધની જ રહેવા પામી છે. ભારતીય જનતા પાર્ટીને સેનાની કાર્યવાહી હંમેશા ફળતી રહી છે એમ આ વખતે પણ રાજયોની ચૂંટણીમાં ફળશે એવી આગાહી અસ્થાને નથી. એથી એમ પણ કહી સકાય કે બિનસાંપ્રદાયિક પક્ષોને ધૂળ ચટાડવાના હિંદુત્વ વિચારધારા વાળા પક્ષોને પાકિસ્તાન આડકતરું સમર્થન આપી રહ્યું છે!

# દિવાળી અને નૂતનવર્ષમાં માણસાઈના દીવડા પ્રગટાવીએ...



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ડેડી દિવાળી ને નૂતન વર્ષ વિશે મને કાંઈક લખી આપોને....'

જવાબમાં કહ્યું, 'બેટા એ તો ઈન્ટરનેટ પર પણ મળશે.' તો કહે 'ના, તમે કહો, પુસ્તકની નહિ, જીવવાની વાત મારે સાંભળવી છે ને લખવી છે, અને હા, પછી આજે આપણે દર વર્ષની જેમ, આપણી આસપાસના કેટલાક લોકો માટે ગિફ્ટની યાદી કરીએ છીએ એ પણ કરી લઈએ ને પછી એમને આપી આવીએ...' દીકરીએ લાડથી કહ્યું...

અને પછી જવાબ રૂપે હૃદયમાં જે કાંઈ ભાવ પ્રગટ થયા અને દિવાળીના પર્વે સંવેદનાના-પ્રેમના-પ્રસન્નતાના-જોય ઓફ ગીવીન્ગના જે દીવડા પ્રગટ્યાને મન-હૃદયમાં ઉજાસ ફેલાયો એનો આનંદ છવાયો...

ભારતીય સંસ્કૃતિમાં પ્રકાશની પૂજા થાય છે - દીવડામાં રહેલા તેજની પૂજા થાય છે. સમજણના, જ્ઞાનના, પ્રેમના - સંવેદનશીલતાના દીવડા પ્રગટાવવાનું પર્વ છે દિવાળી. નાના હતા ત્યારે જોડકણું ગાતા...

**દિવાળીના દિવસમાં**
**ઘર ઘર દીવડા થાય,**
**ફટાકડા ફટ ફટ ફૂટે,**
**બાળક સહુ હરખાય...**

સ્વાભાવિક છે કે દિવાળીનો આનંદ બાળકોને તો હોય જ, પરંતુ બાળક જેવી નિર્દોષતા, બાળક જેવું અચરજ અને બાળક જેવી ઉત્સવ પ્રિયતા જેનામાં ઠાંસોઠાસ ભર્યા હોય એ તમામ માટે દિવાળી એટલે ઉજાસનું પર્વ, દિવાળી એટલે ઉલ્લાસનું પર્વ, દિવાળી એટલે ઉજાસનું પર્વ, દિવાળી એટલે આનંદનું પર્વને દિવાળી એટલે પ્રસન્નતાનું પર્વ. દિવાળી એટલે મીઠાશનું - પ્રગતિનું, દિવાળી એટલે સ્વચ્છતાનું, આયોજનનું, સંકલ્પોનું - પ્રવાસનું પર્વ.

દિવાળી એટલે બધ્ધું નવું નવું હોય... પહેરવાના કપડા, ઘરવખરી, વાહનો, ઈલેકટ્રોનિકસ ઉપકરણો, વાહનો... જાતજાતની ખરીદી સહુ પોતપોતાની જરૂરિયાત અને ક્ષમતા મુજબ કરે... સરવાળે સ્પર્શ થાય નૂતનતાનો.... કાંઈક વિશેષનો... દિવાળીમાં પ્રગટતો પ્રત્યેક દીવડો ના કેવળ ઉજાસ આપે છે પરંતુ નવીનતાનો સંદેશ પણ આપે છે.

દિવાળીના દિવસ પછી ઉજવાય છે નૂતન વર્ષનો પ્રથમ દિવસ. કારતક મહિનાથી શરૂ થાય ભારતીય કેલેન્ડર મુજબનું નવું વર્ષ... નવું વર્ષ એટલે નવી સવાર - નવો સૂરજ - નવી હવા - નવા સંકલ્પો - નવા સંપનાઓ - નવા મનોરથો અને નવું વર્ષ... શુભારંભ છે અને એ શુભારંભમાં ભળે છે વડિલોના આશિર્વાદ - સ્નેહીજનોની શુભેચ્છા અને પ્રિયજનોનો પ્રેમ.

વ્યાપારી જેમ નવા ચોપડા માંડે એમ આપણે પણ નવા વરસે આપણા જીવનમાં નિષ્ફળતા-સફળતાના, ખીમ અને ટોચના, દુઃખ અને સુખના, વિષાદ અને આનંદના આવક-જાવકનો હિસાબ કરીએ... આખરે સરવાળામાં પ્રેમ-પ્રાર્થનાને પ્રસન્નતા જ વધે એ જોવાનું છે, એ અનુભવ કરવાનો છે અને એ જ આપણી આસપાસ વહેંચવાના છે.

આપણે ત્યાં ભજન પરંપરામાં ગવાયું છે, દીધું હોય તો દેતો જાજે, આપ્યું હોય તો આપજો જાજે... આ શબ્દોને આત્મસાત્ કરવાનો, જીવવાનો તહેવાર એટલે દિવાળીને નૂતન વર્ષ. આપણી આસપાસ રહેલા માણસોમાં આપણે ત્યાં કામ કરનારા, શ્રમ કરનારા આર્થિક રીતે જરૂરિયાતમંદ એવા લોકોને એમનું પૂર્ણ સ્વમાન સાચવીને, એમનો બાળકોને જાતજાતની ભેટ આપીને, એમને ફટાકડા કે મીઠાઈ કે કપડા કે બીજી કોઈ વસ્તુ આપીને આપણે રાજી થવાનો અવસર એટલે દિવાળીને નૂતન વર્ષ. Joy of Giving.... બીજાને કાંઈક આપીને પોતે રાજી થવાનો - ઈશ્વરે આપણને આ ઉમદા કાર્યમાં નિમિત્ત બનાવ્યા, આવી તક આપી એ માટે ઈશ્વર પ્રતિ આભાર પ્રગટ કરવાનું પર્વ એટલે દિવાળીને અને નૂતનવર્ષ.

દિવાળી અને નૂતન વર્ષના પર્વે માટીના કોડિયા કે ઈલેકટ્રિક બલ્બની રોશનીના અજવાળા તો પાથરીએ જ, સાથે સાતે માણસાઈના દીવડા પણ પ્રગટાવીએ અને એના અજવાળા બહુજન સમાજ સુધી ફેલાય એની કાળજી લઈએ. આપણા સ્વજનો - પ્રિયજનોને Happy New Year ની શુભકામના તો આપીએ જ, સાથે સાથે આપણી આસપાસના જરૂરિયાતમંદોને પણ લાગણીથી ભેટીએ - એમની પડખે ઊભા રહીએ અને એમને દિવાળીની ભેટ આપીએ એમના ચહેરા પર નૂતન વર્ષનું સ્મિત છલકાવવામાં નિમિત્ત બનીએ. આવું થાય ત્યારે સાચ્ચે જ પર્વનો ઉજાસ રેલાય છે ને અજવાળા પથરાય છે.

# સમય, મુઝે સુઝાઓ, કૈસે મૈં અપની રોશની બચાયે રખૂં



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

**સમય,મુઝે સુઝાઓ**
**કૈસે મૈં અપની રોશની બચાયે રખૂં,**
**તેલ ચૂક જાને કે બાદ ભી**
**તાકિ વહ લડકા, ઉધર લાચી,**
**મહંગી કિતાબ એક રાત મેં હી પૂરી પઢ સકે,**
**સમય, મુઝે સુનાઓ વહ કહાની**
**જબ વ્યર્થ પડ ચૂકે હો શબ્દ**
**અસ્વીકાર કીયા જા ચૂકા હો સત્ય,**
**ઔર બાકી ન બચી હો જૂઝને કી શક્તિ**
**તબ ભી કિસીને છોડા ન હો પ્રેમ,**
**તજી ન હો આસક્તિ..**
**જુઠલાયા ન હો અપના મોહ,**
**સમય, સુનાઓ ઉસકી ગાથા,**
**જો અન્ત તક બિના જુકે**
**બિના ગિડગિડાયે યા લડખડાયેં**
**બિના થકે, બિના હારે બિના સાથી-સંગી**
**બિના અપની યાતના સબકે લિયે ગાયે...**
**અપને અંત કી ઔર ચલા ગયા....**

**- અશોક વાજપેયી**

સમય સમય બલવાન નહીં મનુષ બલવાન...આ અવતરણની સત્યતા સ્વીકારીને પણ આપણે ઈચ્છીએ છીએ કે આપણુ ધાર્યું જ થાય. ટાઈમ મશીન બનાવી નાખવાની કાલ્પનિક વાતોમાં પામર મનુષ્ય ભલે રાચતો પણ, કાલઃ પચતિ ભૂતાનિ...ના અટલ અને અકાટ્ય વિધાનને કોણ અવગણી શકે??

સમયને જીતી લેવાની મનષા ન રાખીને સમયને માણી લેવાની આવડત કેળવતા શીખવી એ જ કળા.

એકલા જવાના..અને જવાના જરુર...પણ યારો ખુમારીથી જીવીને સમય સાથે બાથ ભીડીને નહીં, તાલ મેળવીને જે નિર્ધારિત ક્ષણો આ મૂલ્યવાન જીવનની માણવાનો મોકો મળ્યો છે તેને મરશિયા



ગાઈને કેમ વિતાવવો...

"મૈં સમય હૂં" મહાભારતમાં હરીશ ભિમાણીનો અવાજ યાદ છે? આ સમયે તો આવા કેટલાય આવનારા નવા વર્ષને વધાવ્યા હશે,અને કેટલાય જૂના વર્ષોની યાતનાઓને પોતાના મહીં ભંડારી રાખી હશે. સમય પાસેથી નવા વર્ષે આપણે શીખવાનુ છે કે ઉપાધિને સમાધિમાં કેવી રીતે ફેરવવી.

ભ્રમિત કરી દેતી પુતનામય દોગલી દુનિયામાં આપણે શું કરવું..ક્યાં જવું...તેની ખબર નથી હોતી. વિચારવાનો સમય નથી હોતો. સમય તો હતો પણ ઈચ્છા નહોતી..ઈચ્છા હતી તો કદાચ હિંમત નહોતી. સમયની સાથે તાલ મિલાવતા નીકળી પડવું એ મહત્વનું છે. શું હાથમાં આવશે તે મહત્વનું નથી પરંતુ નીકળી પડવું મહત્વનું છે. જીવન સમયનું મહત્વ સમજાવે છે અને સમય જીવનની અટપટી ગણતરીઓ સમજાવે છે. આ જીવનમાં બધા અટપટા દાખલા સમીકરણ સાથે જવાબ આપીને જ જાય છે. કોઈ દાખલો બે સ્ટેપમાં ઉકેલાય તો વળી કોઈ દસ-બાર સ્ટેપમાં ઉકેલાય..પણ જવાબ નક્કી મળે જ છે.

હાય હાય અને હોય હોય... ની બૂમો મારીને કાગારોળ મચાવાવાથી કોઈ દિવસ પરિસ્થિતિમાં સુધારો આવવાનો નથી.

આપણે ઘેટાચાલમાં ચાલતા ચાલતા એક એવા પડાવ પર આવી ગયા છીએ કે.. વસ્તુઓ માટેની લાલચ, દિન-પ્રતિદિન એકબીજા પ્રત્યે વિશ્વાસ કરવામાં જાસો દઈ જાય છે.

એક વોટ્સએપ મેસેજ આવ્યો હતો કે, 'લોકોએ સમજાવ્યું છે કે, સમય જરૂર બદલાય છે,પણ પછી સમયે સમજાવ્યું કે લોકોય બદલાય છે.

ગતવર્ષે આપણા જે અંગત હતા તે મનદુઃખ થવાથી કે મતભેદ થવાથી અત્યારે પારકા બની બેઠા છે, તો વળી આ વર્ષે એવા પણ ઘણા અજાણ્યા લોકો મળી ગયા છે,જે કોઈ જનમ જનમના સાથીની જેમ જીવનનુ આવશ્યક અંગ બની ગયા છે.

આપણે એવી 'ચૂહા-દોડ' ના દોડવીર બની ચૂક્યા છીએ કે જેની દિશા આગળવાળો ઉંદર જ નક્કી કરે છે, અને મજાની વાત એ છે કે આવી દોડમાં હાર-જીત તો કોઈ જોતુ જ નથી..બસ દોડતા રહો..દોડતા રહો..

આવા વખતમાં વખત આપણને ઘણું શીખવી દે છે.

નવા વર્ષે વીતી ગયેલા કાલખંડને અનુલક્ષીને અને આવનારા યુગને અંતર્ગત આપણે તાલ મીલાવવાનો છે. જળકમળવત દરેક વ્યથા-કથા સાથે જોડાયેલા રહીને પણ ભિન્ન રહેતા શીખવાનું છે. સમય ક્યારેય અટકી જતો નથી, કૃષ્ણની લીલાથી હર્ષિત થઈને પણ સમય થંભી નહોતો ગયો કે પછી કુરુક્ષેત્રના અઢારમાં દિવસે રણમેદાનમાં જમીનનો કોરો કટકો પણ ન દેખાય તેટલા શવ જોઈને પણ સમય થંભ્યો નહતો...અને ક્યારેય અટકશે પણ નહીં.

સમય પાસેથી પરિવર્તનને અપનાવતા શીખવાનું છે. વિધિની લપડાક ખાધા પછી પણ અટકવાનું નહીં પણ ટકવાનું શીખવાનુ છે.

સમયને અનુરોધ કરીએ કે હે કાળ દેવતા! નવા વર્ષે અમને સહનશીલતા, ધીરજ, અને પરિસ્થિતિને અનુકૂળ બનવાના ટ્યૂશન આપો.

- jayuoza@gmail.com
Mo.9898046488

# આ દિવાળીમાં દુર્ગુણોની દિવાલ ઉપર સદગુણોનો મૂક્કો મારી દુર્ગુણોનો ભૂકો બોલાવી દો



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

**"પ્રસંગોપાત જીવનમાં પરિવર્તન કરી લઉં છું**
**સમજપૂર્વક સમષ્ટિનું સમતોલન કરી લઉં છું.**
**જીવનને હું વલોવી આત્મસંશોધન કરી લઉં છું**
**મનોબળથી મનોવૃત્તિ ઉપર શાસન કરી લઉં છું."**

**-અકબરઅલી જસદણવાલા**

જગત આંનદનો રંગમંચ છે. દીપોત્સવ ટાણે જીવનમાં મેઘધનુષી રંગોનું આકાશ રચાતું હોય છે. જગતને દિલોજાનથી ચાહવાનું હોય. મન મુકીને પતંગીયાની જેમ ઉડવાનું હોય. શરત બસ એટલી કે, માણસ બનવું પડે. જમીનના કઠણ પડને ચીરીને નાજુક કુંપળ હવામાં લહેરાય એમ દીપોત્સવીમા દુર્ગુણોની દીવાલ ઉપર સદગુણોનો મૂક્કો મારીને અનિષ્ટોનો ભૂકો બોલાવીને શુભ સંકલ્પો લઈ લહેરાવાનું હોય. વીતેલા વર્ષમાં જેમ જીવ્યા એનાથી બહેતર જીવવાનો નિર્ધાર જોઈએ.

દિવાળી એટલે ઉમંગ, ઉત્સાહ અને ઉજાશની ત્રીવેણી. નવા સંકલ્પો લેવાનો ઉમંગ, ભૂતકાળ ભુલી સહુને ગળે મળવાનો ઉત્સાહ અને અજ્ઞાનના અંધકારને જ્ઞાનના પ્રકાશથી રોશન કરવાનો ઉજાશ. આમ પણ સૃષ્ટિ ઉપર જીવનું આગમન થવાની સાથે પ્રકાશ અને અંધકાર, સત્ય અને અસત્ય, દુર્ગુણ અને સદગુણ, જીવન અને મૃત્યુ વચ્ચે સતત સંઘર્ષ ચાલુ જ થઈ જતો હોય છે. દિવાળીના પાંચ પર્વોના સમુહ આ સંઘર્ષમાં સત્વશીલ સત્યની સમજ સ્પષ્ટ કરતો હોય એમ લાગે. દિવાળીમાં માટીના નાનકડા કોડિયામાં સકારાત્મકતાનું તેલ નાખી તેમાં નકારાત્મકતાને ભસ્મ કરીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવાનો હોય. દ્રઢ મનોબળ દ્વારા સોનેરી સંકલ્પોથી હિન મનોવૃત્તિ ઉપર ચક્રવર્તીની જેમ શાસન કરવાની સજ્જતા દિવાળીને સાચા અર્થમાં અજવાળવાનું કામ કરતી હોય છે.

ભારત દેશમાં તો સૌ કોઈ જાણે છે કે, ભગવાન રામે



રાવણનો વધ કરીને અયોધ્યા પ્રવેશ કર્યો ત્યારે અયોધ્યાવાસીઓએ તેમના ઘરની આગળ અને માર્ગો ઉપર હારબંધ દિવડાઓ અને રંગોળીઓ કરીને પ્રભુ રામને સત્કારી આનંદ કર્યો હતો. આ વાતને જરા તાત્વિક રીતે વિસ્તૃત સ્વરૂપે ચિંતકો એ રીતે જુએ છે કે, દિવાળી એટલે અસત્ય અને અજ્ઞાનના અંધકારને સત્ય અને જ્ઞાનના પ્રકાશથી પ્રજ્વલિત કરતું આનંદનું પર્વ. જુદા જુદા દેશમાં નવા વર્ષના વધામણા અલગ અલગ રીતે થતાં હોય છે. હિંદુઓના હૃદયમાં ઉચ્ચ સ્થાને બિરાજતો દીપોત્સવ વિશ્વમાં ઘણી જગાએ ઉજવાય છે. ક્રિશ્ચિયનો માટે ક્રિસમસ અને બૌદ્ધો માટે ગૌતમ બુદ્ધનો નિર્વાણ દિન અત્યંત મહત્વનો હોય છે. જૈન ધર્મના છેલ્લા જૈન તીર્થંકર ઈસવીસન પૂર્વે ૫૨૭માં ઓકટોબર ૧૫માં પાવાપુરીમાં નિર્વાણ પામ્યા. કહે છે કે, મહાવીર સ્વામીના મુખ્ય શિષ્ય ગણધર ગૌતમ સ્વામીએ આ દિવસે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આચાર્ય ભદ્રબાહુએ તેમના કલ્પસુત્રમા નોંધ્યું છે કે, ઈસવીસન પૂર્વે ત્રીજી સદીમાં મહાવીર સ્વામીએ અમાસના પ્રથમ પ્રહરમાં નિર્વાણની સફર આરંભી તે સમયે અનેક દૈવીપુરુષો અમાસના ઘોર અંધકારને પ્રકાશથી પોખતા ઊભા હતા. દીપોત્સવનો સૌ પ્રથમ ઉલ્લેખ જૈન ગ્રંથોમાં આ રીતે જોવા મળે છે. જો કે દિવાળીનો એકદમ પ્રાચીન સંદર્ભ 'દીપાલિકાયા' શબ્દ જીનસેન આચાર્યએ લખેલા હરિવંશ પુરાણમાં મળે છે.

ભારતના પાડોશી દેશ નેપાળમાં દિવાળીને પારિવારિક મિલનનો મહોત્સવ ગણે છે. બધા ભેગા મળી ગીતો ગાય, નૃત્ય કરે અને 'દેઉસી-ભઈલો' રમત રમે. યુકેના કોવેન્ટ્રી, ટ્રિનીદાદ ટોબેગો, ગુયાના, કેન્યા, મોરેશિયસ, ટાન્ઝાનિયા, થાઈલેન્ડ, યુએઈ, ઓસ્ટ્રેલિયા, યુએસએમાં દિવાળી ઉજવાય છે. જો કે ભારત અને શ્રીલંકામાંથી મોટી સંખ્યામાં લોકો અલગ અલગ દેશમાં ધંધા રોજગાર માટે સ્થાયી થયા હોઈ દિવાળીની ઉજવણી આ દેશોમાં પણ મોટા પાયે થવા લાગી છે.

દિવાળીમાં હૃદયના ઉંડાણમાંથી સત્યના ઉજાશને બહાર ખેંચી કાઢી નબળાઈઓને ખંખેરીને આનંદના આકાશમાં ઉડવાનું હોય છે. કવિ અનિલ ચાવડા કહે છે કે, 'સૌની ભીતર પડ્યો હોય છે, એક ચમકતો હીરો, ચાલો શોધીએ ભીતર જઈને, ખુદની તેજ-લકીરો, ભીતર ભર્યું છે અજવાળું ન ઝળહળીએ કેમ ? આ વખતે તો સ્વયં પ્રગટીએ ચાલો દિવાળી જેમ...

**ધબકાર :**
**જીવનને સમજવા પાછળ જોવું પડે અને જીવનને જીવવા માટે આગળ જોવું પડે.**